

# હિટ એન્ડ રન કેસમાં સલમાનને સજા

મુંબઇ,તા. ૬

સમગ્ર દેશને હચમચાવી મુકનાર વર્ષ ૨૦૦૨ના હિટ એન્ડ રન કેસમાં આજે એક પછી એક જોરદાર ઘટનાક્રમ એટલા ઝડપથી બન્યા કે તમામ લોકો આશ્ચર્યચકિત થઇ ગયા હતા. બોલીવુડ સ્ટાર સલમાન ખાન માટે શુક્રવાર ખાસ રહે છે પરંતુ અભિનેતા સલમાન ખાનની સાથે સાથે દેશના લાખો લોકો માટે આજે બુધવારનો દિવસ પણ ઐતિહાસિક બની ગયો હતો. માત્ર સાત કલાકના ગાળામાં જ સલમાનની લાઈફના સૌથી ખૌફનાક પળો પસાર થઈ ગયા હતા. સલમાન ખાન રડી પડ્યો હતો. પરેશાન થયો હતો અને અંતે રાહતનો દમ લઈને ઘરે પણ પહોંચી ગયો હતો.

વર્ષ ૨૦૦૨થી ચાલી રહેલા હિટ એન્ડ રન કેસમાં દેશના લાખો કરોડો ક્રિકેટ ચાહકોના ફેવરિટ સલમાન ખાનને દોષિત જાહેર કરવામાં આવ્યો હતો ત્યારબાદ તેને પાંચ વર્ષની સજા ફટકારવામાં આવી હતી. સાત કલાકના ગાળાની અંદર જ બે દિવસ માટે વચગાળાના જામીન પણ સલમાનને મળી ગયા હતા. આજે સવારે ૧૧ વાગે સલમાન ખાન મુંબઈની કોર્ટમાં ઉપસ્થિત થયો હતો. ૧૧.૬ મિનિટે સલમાનને કોર્ટ રુમની બોલાવવામાં આવ્યો હતો. ત્યારબાદ કાર્યવાહી શરૂ થઈ હતી.

કોર્ટે કબૂલાત કરી હતી કે, સલમાન ખાન બનાવના દિવસે નશામાં હતો અને ડ્રાઈવિંગ પણ પોતે કરી રહ્યો હતો. સલમાનને દોષિત જાહેર કરીને કોર્ટે કહ્યું હતું કે, સલમાન પર લાગૂ કરવામાં આવેલા તમામ આરોપો સાબિત થઈ ગયા છે. સલમાનના વકીલોએ જજ સમક્ષ માંગ કરી હતી કે, સલમાનને ત્રણ વર્ષથી વધુ સજા કરવામાં ન આવે. સલમાને વળતર આપવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## ૭ કલાકના ગાળામાં સલમાનની લાઇફ ખૌફનાક પળમાંથી પસાર : મુંબઈની અદાલતે તમામ આરોપોમાં દોષિત ઠેરવીને સલમાનને પાંચ વર્ષની સજા કર્યા બાદ તરત હાઈકોર્ટમાં અરજી કરાયા બાદ બે દિવસ માટે જામીન



જીએસટી બંધારણીય સુધારા બિલ લોકસભામાં આખરે પસાર

Page-6


આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૫૭ ૭ મે, ૨૦૧૫, ગુરૂવાર ; વૈશાખ વદ - ૩ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ખરીફમાં કપાસનું વાવેતર ઘટશે

## જિલ્લાના વાવેતર વિસ્તારમાં પણ ઘટાડો થવાની સંભાવનાઓ

## હવામાનમાં વારંવારનો બદલાવ સૌથી મોટુ પરિબળ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં આ વખતે ખરીફ ઋતુ દરમ્યાન વાવેતર વિસ્તારમાં તથા જિલ્લાના મુખ્ય પાક કપાસના વાવેતર વિસ્તારમાં ઘટાડો નોંધાય તેવા નિર્દેશો મળી રહ્યા છે.

વારંવાર બદલાતા જતા હવામાન અને વધતા જતા મજૂરીના દર બે ખેડૂતો માટે ચિંતાના વિષય બન્યા છે. ખરીફ ઋતુ પહેલાં જ ત્રણ જેટલા કમોસમી વરસાદને પગલે ખેડૂતોને અકલ્પીનીય એવુ નુકશાન થયુ છે. તેમજ આ વખતે બિયારણ પણ થોડુક મોંઘુ હોવાથી ખેડૂતો આ ઋતુમાં બહુ જોખમ ઉઠાવવાના મૂડમાં નથી.

ખેડૂત આગેવાનો સાથેની વાતચીતમાં એવા નિર્દેશ મળ્યા છે કે જે રીતે ગરમીનો પારો ૪૦ની આસપાસ ફરી રહ્યો છે તેને લઈ તેમજ કમોસમી વરસાદ જે નોંધાયા છે તે જોતાં હવામાન ચોમાસાનું સાનુકૂળ રહે તેવી શક્યતાઓ નહિવત છે.

બીજી તરફ ખેડૂતો આ વખતે જુવારના ઘાસચારાનું વાવેતર કરવાના મૂડમાં વધુ છે. જેથી જો વરસાદની અનિયમિતતા રહે તો પશુધન માટે ઘાસચારાની તકલીફ ઓછી પડે. હાલ ખેડૂતો જુવારની ખરીદી કરી અને વાવણી માટે તત્પર બન્યા છે.

ગત સિઝનમાં પણ જિલ્લાનો મુખ્ય પાક ગણાતા કપાસના વાવેતર વિસ્તારમાં ઘટાડો નોંધાયો હતો. ગત સિઝનમાં ૩૦ હજાર હેક્ટર વિસ્તારમાં આ પાકનું વાવેતર થયું હતુ. અને પછી કપાસના ભાવ પોષણક્ષમ મળ્યા ન હતા. કપાસ માટે મજૂરોના મજૂરીના દર પણ ભાવના ૨૦ ટકા જેટલા થતા હતા તો ખેડૂતને ફાળે બિયારણ અને અન્ય ખર્ચ બાદ કરીએ તો ખુબ ઓછુ મળતર રહેતુ જણાયુ હતુ. આથી ખેડૂતો આ વખતે કપાસનું વાવેતર પણ ઓછુ કરે તેવી શક્યતાઓ છે. જો કે આ ઘટાડો એકથી બે હજાર હેક્ટર જેટલો જ હશે તેમ પણ આગેવાનોનું કહેવુ છે.

જિલ્લામાં હજુ વાવણીની મોસમ એટલી જામી નથી અને ખેડૂતો પણ વાવેતર માટે બહુ ઉત્સાહિત જણાતા નથી.

જો કે બીજી તરફ જિલ્લા ખેતીવાડી તંત્ર ખેડૂતોના કૃષિ મહોત્સવના ઉત્સાહને જોઈ એવો દાવો કરી રહ્યા છે કે વાવેતર ગયા વર્ષ જેટલુ થશે તેમાં વધારો થવાની શક્યતાઓ પણ છે. જો કે કયા પાકનું વાવેતર કેટલુ થશે તે વિશે તંત્રના અધિકારીઓ કંઈ પણ કહેવાનો ઈન્કાર કરી જણાવે છે કે વાવણીનો સમય પૂર્ણ થયે વાત કરીશુ. અત્યોર કંઈ પણ કહેવુ વહેલી પડે.



(તસવીર : કશ્યપ નિમાવત)

નયનરમ્ય માર્ગ - ગાંધીનગરનું સદનસીબ છે કે એના માર્ગોની બંને બાજુ ઘટાદાર અને ફળ-ફૂલથી લદાયેલ વૃક્ષોની હારમાળા છે... ગ્રીષ્મ ઋતુમાં માર્ગની બંને બાજુ ગરમાળો પૂરબહાર ખીલે છે... ઉર્જાના પ્રતિક પીળા રંગોથી આચ્છાદિત વૃક્ષોથી માર્ગોની અનોખી શોભા વધે છે... ગાંધીનગરના મુખ્ય માર્ગો પરના પ્રાકૃતિક વૈભવને માણવાની આ અનોખી ઋતુ છે... નગરનું પ્રાકૃતિક સૌંદર્ય સોળેકળાએ ખીલતું જાય છે...


Hydraid BioSand Water Filter

Safe Water For Million

શુદ્ધ જળ સ્વસ્થ તન નિર્મળ જીવન

Shuddh Jal






બેક્ટેરીયા, વાઈરસ, પેરેસાઈટ્સ જેવી અશુદ્ધિઓ પાણીમાંથી દુર કરે છે

Hydraid ® BioSand વોટર ફિલ્ટરના ટેકનીકલ લક્ષણો

- ઈલેક્ટ્રીસીટી, બેટરી કે મુવેબલ પાર્ટસ વગર કાર્યરત
- ઉંચાઈ : ૩૦.૫'' - પહોળાઈ : ૧૬.૫''
- વજન : ૩.૬ કે.જી. (ખાલી), ૬૩.૫૦ કે.જી. (ભરેલ)
- એફડીએ દ્વારા પ્રમાણિત યુ.વી. અવરોધક પ્લાસ્ટીક બોડી
- પ્રતિ કલાકે ૪૭ લીટર પાણી (સમયાંતરે) શુદ્ધ કરે.
- ઘર ઉપયોગી 'પોઈન્ટ-ઓફ-યુઝ' (પી.ઓ.યુ.)
- તેનો વપરાશ ૧૦ વર્ષથી પણ વધુ કરી શકો છો.
- ૮ થી ૧૦ વ્યક્તિના કુટુંબ માટે જરૂરિયાત પુરી કરનાર
- એક વર્ષની મર્યાદિત વોરંટી, ટોપ રેન્કેડ ટેકનોલોજી
- કાર્યરત કરવાનો સમય : ૨૦ મીનીટ, પાવર સોર્સ : ગ્રેવીટી

સીલીકોન ખનીજતત્વોનો પાણીમાં ઉમેરો કરે

સીલીકોનયુક્ત મીનરલ જળના ફાયદાઓ

- વજન ઘટાડે છે.
- હાડકાની મજબુતાઇ વધારે છે.
- બ્લડપ્રેશરને ઘટાડે છે.
- એલડીએસ કોલેસ્ટ્રોલ ઘટાડે છે.
- પાચનશક્તિ સુધારે છે
- સ્નાયુઓની કાર્યક્ષમતા જાળવી રાખે છે.
- કીડનીની પથરીની સંભાવના ઘટાડે છે.

૧૦૦% કુદરતી શુદ્ધિકરણ પદ્ધતિ

જરૂરી ખનીજતત્વોને જાળવી રાખે છે






MADHAV MICROTECH PVT. LTD.
"Bringing Technology & People together"

TRIPLE QUEST
a partnership of cascade engineering and the windquest group

સંપર્ક : પ્રત્યક્ષ નિદર્શન / બુકીંગ / ડીલરશીપ માટે સંપર્ક

પ્લાન્ટ :- એ/૬૪, કલ્પવૃક્ષ ટ્રેનિંગ સેન્ટરના ખાંચામાં, જીઆઈડીસી ઈલેક્ટ્રોનિક્સ એસ્ટેટ, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ઈન્ડિયા)
વિદેશી ઓફીસ/OVERSEAS OFFICE : Ryan HI NU Tec Pvt LLC, 6040, Whethersfield LN, # 33E, Bloomfield Hills, MI 48301, USA
સેલ્સ પૂછપરછ : Mo. +91 94260 60458, 9426828782 • E-mail : md@madhavmicrotech.com • Website : www.madhavmicrotech.in


# જિલ્લામાં 'મા' યોજના અંતર્ગત ૮૪૦ દર્દીઓ પાછળ સરકારે બે કરોડ રૂ.નો ખર્ચ ઉઠાવ્યો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં ૮૪૦થી પણ વધુ દર્દીઓની પાછળ 'મા' અને 'મા-વાત્સલ્ય' યોજના અંતર્ગત રૂ. બે કરોડ જેટલો સારવારનો ખર્ચ રાજ્ય સરકારે ઉઠાવ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં આરોગ્ય સેવાઓના સઘનીકરણની દિશામાં હાથ ધરાયેલા પ્રયાસોને પગલે મુખ્યમંત્રી અમૃતમ યોજના 'મા' અને મુખ્યમંત્રી અમૃતમ્ વાત્સલ્ય યોજના અંતર્ગત ૮૪૦ થી વધુ દર્દીઓને સઘન સારવારનો લાભ મળ્યો છે.

મા યોજના અંતર્ગત કાર્ડીયોલોજીના ૨૫૨, મેડીકલ ઓન્કોલોજીના ૩૧૧, ન્યુરોસર્જરીના ૧૧, રેડીમેશન ઓન્કોલોજીના ૮૨ જેટલા દર્દીઓએ લાભ લીધો છે.

મા અમૃતમ્ વાત્સલ્ય યોજના અંતર્ગત કાર્ડીયોલોજી અને મેડીકલ ઓન્કોલોજીના ૧૬-૧૬ દર્દીઓએ લાભ લીધો છે.

મળતી વિગતો પ્રમાણે મા યોજના અંતર્ગત ૭૯૮ જેટલા દર્દીઓની સારવાર પાછળ ૧ કરોડ ૭૪ લાખથી વધુનો ખર્ચ રાજ્ય સરકારે ઉઠાવ્યો છે.

જ્યારે મા વાત્સલ્ય યોજના પાછળ ૪૭ જેટલા દર્દીઓ પાછળ ૧૫ લાખ ૩૪ હજાર જેટલો ખર્ચ રાજ્ય સરકારે ઉઠાવ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં કીડનીની બિમારીથી ૪૯ જેટલા દર્દીઓને મા યોજના અંતર્ગત સારવાર આપવામાં આવી છે. જિલ્લામાં કેન્સરથી પિડાતા દર્દીઓ ખાસ કરીને બી.પી.એલ. પરિવારોમાંથી મળી રહ્યા છે તે ચિંતાજનક છે. આ માટે આગામી દિવસોમાં વ્યસનમુક્તિ અભિયાનનું આયોજન અલગથી કરવામાં આવી રહ્યાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં આરોગ્ય સેવાઓના સઘનીકરણની સાથે સાથે જિલ્લામાં હવે સુપર સ્પેશ્યાલીટીની સેવાઓ પણ ઉપલબ્ધ બને તે માટેનું આયોજન હાથ ધરવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

# સામાજિક સુરક્ષા અંતર્ગત બે મહત્વની યોજનાઓ નવમીથી અમલી બનશે

## મહાત્મા મંદિરમાં રાજ્યકક્ષાનો કાર્યક્રમ કલકત્તામાં પ્રધાનમંત્રી આ યોજનાનો પ્રારંભ કરાવશે

ગાંધીનગર, તા. ૬

મહાત્મા મંદિર ખાતે આગામી નવમી મે ના રોજ ભારત સરકાર દ્વારા સામાજિક સુરક્ષા અંતર્ગત બે મહત્વની વિમા યોજનાઓના અમલીકરણનો આરંભ કરવામાં આવશે.

મહાત્મા મંદિર ખાતે યોજાનાર આ રાજ્યકક્ષાના કાર્યક્રમમાં રાજ્યના રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલી, મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ, કેન્દ્રીય રાજ્ય ગૃહમંત્રી શ્રી હરિભાઈ ચૌધરી, દેના બેંકના ચેરમેન શ્રી અશ્વિનકુમાર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેનાર છે.

રૂ. ૧૨ના નજીવા પ્રીમીયમ સાથે પ્રધાનમંત્રી જીવનજ્યોતિ યોજના તેમજ અન્ય એક વીમા યોજના અમલી બનશે જેમાં પ્રિમીયમનો દર રૂ. ૩૩૦ જેટલો છે. બેંકોની મદદથી અમલી બનનાર આ પ્રોજેક્ટમાં મૃત્યુ બાદ રૂ. બે લાખ તેના વારસદારને અપાશે.

જિલ્લાતંત્ર તેમજ બેંકો દ્વારા આ કાર્યક્રમની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ યોજનાનો પ્રારંભ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી કલકત્તા ખાતેથી કરાવવાના છે.


CBSE & GUJ. BOARD
Private, Personal & On-line Tuitions
Sir AJIT PILLAI
Mathematics & Science
Std. 8th to 12th
Convent Class of Education : 98258 38108

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧




નિરાંતની નિંદ્રા - ધોમધખતા તાપમાં પણ વૃક્ષના છાંયડે ઠંડકમાં ઘસઘસાટ નિંદર લેતા રાહદારી જોઈને ધનિકોને ઈર્ષા આવે એવું દૃશ્ય છે... વૃક્ષ તાપ સહન કરીને માનવજાતને છાંયડાની નિરાંત આપે છે... વાહન વ્યવહારથી ધમધમતા માર્ગ પર પણ નિરાંતની નિંદ્રાનું સદ્દભાગ્ય તો કોઈક ને જ પ્રાપ્ત થાય છે...